# સ્નેહા ફાઉન્ડેશન

SNEHA FOUNDATION

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૯૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

જુલાઈ - ૨૦૨૬

## સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ૨૧,૦૦૦ થી વધુ સિડબોલ બનાવવામાં આવ્યા હતાં.

પર્યાવરણનું સંરક્ષણ અને હરિયાળું ભવિષ્ય નિર્માણના ઉમદા હેતુ સાથે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ૨૧,૦૦૦થી વધુ સિડબોલ (Seed Balls) બનાવવાનો વિશાળ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં એન. પી. મહેતા પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીઓ તેમજ ગવર્નમેન્ટ કોલેજમાંથી ઈન્ટર્નશિપ માટે આવેલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.





સ્થળ

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust

આ પ્રોજેક્ટ દરમિયાન વિદ્યાર્થીઓને સીડબોલ બનાવવાની સંપૂર્ણ પ્રક્રિયાની પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી. માટી, કુદરતી ખાતર અને વિવિધ વૃક્ષોના બીજનો ઉપયોગ કરીને સીડબોલ તૈયાર કરવામાં આવ્યા હતા. સાથે જ વિદ્યાર્થીઓને વૃક્ષારોપણનું મહત્વ, પર્યાવરણનું સંરક્ષણ, જૈવ વૈવિધ્ય અને કુદરતી સંસાધનોના જતન વિશે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

ગવર્નમેન્ટ કોલેજના ઈન્ટર્નશિપ વિદ્યાર્થીઓએ બાળકો સાથે મળીને ટીમવર્ક, આયોજન અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ પ્રોજેક્ટ દ્વારા બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધારવાની સાથે સેવા, સહકાર અને પ્રકૃતિ પ્રત્યે પ્રેમની ભાવના પણ વિકસાવવામાં આવી હતી.

તૈયાર કરેલ સિડબોલ ભાવનગર શહેરના રૂવાપરી મંદિર, જાંજરીયા હનુમાનજી મંદિર, રૂવા ગામ, બોરતળાવ જેવા અલગ-અલગ વિસ્તારોમાં સિડબોલ વિખેરવામાં આવ્યા હતાં જેથી વધુમાં વધુ વૃક્ષો ઉગી શકે અને હરિયાળું પર્યાવરણ નિર્માણમાં યોગદાન મળી રહે.

આ સમગ્ર અભિયાન માત્ર સીડબોલ બનાવવાનો કાર્યક્રમ નહોતો, પરંતુ આવનારી પેઢીમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારી અને સંવેદનશીલતા વિકસાવવાનો એક પ્રેરણાદાયી પ્રયાસ હતો. સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાનો આ પ્રયાસ સમાજમાં પર્યાવરણ જાગૃતિ અને હરિયાળી વધારવા માટે એક નોંધપાત્ર અને પ્રશંસનીય પહેલ તરીકે યાદ રહેશે.







# લર્નિંગ સેન્ટર

આ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશન લર્નિંગ સેન્ટરમાં અભ્યાસ કરતા બાળકોના શૈક્ષણિક, બૌદ્ધિક અને સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. નિયમિત અભ્યાસની સાથે બાળકોને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું વાંચન તથા લેખન, ગણિતના પાયાના દાખલાઓ, સામાન્ય જ્ઞાન, શબ્દભંડોળ વિકાસ અને સર્જનાત્મક લેખન જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

બાળકોમાં અભ્યાસ પ્રત્યે રસ વધે અને તેઓ આનંદ સાથે શીખી શકે તે હેતુથી વાર્તા વાચન, પ્રશ્નોત્તરી, ચિત્રકલા, રંગપૂરણી, હસ્તકલા, શબ્દરચના, જોડણી સ્પર્ધા તેમજ શૈક્ષણિક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂથ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં ટીમવર્ક, નેતૃત્વ, આત્મવિશ્વાસ, સમયનું મહત્વ અને પરસ્પર સહકારની ભાવનાનો વિકાસ થાય તે માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવ્યા.

આ ઉપરાંત બાળકોને સ્વચ્છતા, શિસ્ત, નિયમિતતા, સારા સંસ્કારો, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને દૈનિક જીવનમાં ઉપયોગી મૂલ્યો વિશે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિક્ષકો દ્વારા દરેક બાળક પર વ્યક્તિગત ધ્યાન આપી તેમની શૈક્ષણિક પ્રગતિનું સતત મૂલ્યાંકન કરવામાં આવ્યું અને જ્યાં જરૂર જણાઈ ત્યાં વધારાનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું.

આ માસ દરમિયાન યોજાયેલી તમામ પ્રવૃત્તિઓના પરિણામે બાળકોમાં અભ્યાસ પ્રત્યે ઉત્સાહ, નિયમિતતા, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. ભવિષ્યમાં પણ બાળકોના સર્વાંગી વિકાસ માટે આવી ગુણવત્તાસભર અને આનંદદાયક શૈક્ષણિક પ્રવૃત્તિઓ સતત યોજાતી રહેશે.




# એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

આ માસ દરમિયાન એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક, બૌદ્ધિક, શારીરિક અને નૈતિક વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ શૈક્ષણિક તથા સહશૈક્ષણિક પ્રવૃત્તિઓનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં નિયમિત સમયપત્રક મુજબ તમામ ધોરણોમાં ગુણવત્તાસભર શિક્ષણકાર્ય કરવામાં આવ્યું અને અભ્યાસક્રમનું આયોજનબદ્ધ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું.

વિદ્યાર્થીઓને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ગણિત, પર્યાવરણ તથા અન્ય વિષયોનું અસરકારક શિક્ષણ આપવામાં આવ્યું. વિષયને સરળ અને રસપ્રદ બનાવવા માટે પ્રવૃત્તિ આધારિત શિક્ષણ, પ્રશ્નોત્તરી, જૂથ ચર્ચા, શૈક્ષણિક રમતો, ચિત્રો, મોડેલ અને શિક્ષણ સહાયક સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો, જેના કારણે વિદ્યાર્થીઓમાં વિષય પ્રત્યે વધુ રસ અને સમજણ વિકસી.

આ માસ દરમિયાન વિદ્યાર્થીઓની વાંચન, લેખન, ગણન અને ભાષાકૌશલ્યમાં વધારો થાય તે માટે વિશેષ અભ્યાસ સત્રો યોજવામાં આવ્યા. નબળા વિદ્યાર્થીઓ માટે વધારાનું માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની ક્ષમતા મુજબ પ્રોત્સાહન આપવામાં આવ્યું.

વિદ્યાર્થીઓમાં શિસ્ત, સમયપાલન, સ્વચ્છતા, રાષ્ટ્રપ્રેમ, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, સારા સંસ્કારો અને સામાજિક જવાબદારી જેવા મૂલ્યોનો વિકાસ થાય તે માટે વિવિધ માર્ગદર્શન કાર્યક્રમો યોજવામાં આવ્યા. પ્રાર્થના સભા દરમિયાન પ્રેરણાદાયક વિચારો, સામાન્ય જ્ઞાન, સમાચાર વાચન તથા નૈતિક શિક્ષણ અંગે માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રમતગમત, ચિત્રકલા, હસ્તકલા, ગીત-સંગીત, વક્તૃત્વ, વાર્તા વાચન અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. શિક્ષકો દ્વારા દરેક વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિનું સતત મૂલ્યાંકન કરવામાં આવ્યું અને જરૂરિયાત મુજબ વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવ્યું.

સમગ્ર માસ દરમિયાન શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓના સહકારથી શાળાનું શૈક્ષણિક વાતાવરણ સકારાત્મક અને ઉત્સાહપૂર્ણ રહ્યું. આગામી સમયમાં પણ વિદ્યાર્થીઓના ગુણવત્તાસભર શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે નવીન અને અસરકારક શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન સતત કરવામાં આવશે.

**કોઈનું સારુ થાય એ માટે ભોગ આપવો એ છપ્પન ભોગ કરતા પણ મહત્વનો ભાગ છે.**

# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## IQ ટેસ્ટ આધારિત

તારીખ ૦૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત બાળકો માટે વિવિધ IQ ટેસ્ટ આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને તર્કશકિત, અવલોકન ક્ષમતા, યાદશકિત, સમસ્યા ઉકેલવાની આવડત તથા ઝડપી નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થાય તે હેતુથી વિવિધ રસપ્રદ પ્રશ્નો અને માનસિક કસરતો કરાવવામાં આવી.

પ્રવૃત્તિ દરમિયાન બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પોતાની વિચારશકિતનો ઉપયોગ કરીને પ્રશ્નોના જવાબ આપ્યા. આવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનો બુદ્ધિ વિકાસ (ચષ), એકાગ્રતા, આત્મવિશ્વાસ તથા સર્જનાત્મક વિચારશકિતમાં વધારો થાય છે. અંતે બાળકોને નિયમિત રીતે આવી બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.






## વરસાદમાં રાખવમાં આવતી સાવચેતીઓ

તારીખ ૧૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન દ્વારા બાળકોને વરસાદની ઋતુ દરમિયાન સ્વાસ્થ્ય, સુરક્ષા અને સ્વચ્છતા અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું. વરસાદની મોસમમાં અનેક પ્રકારના રોગો અને અકસ્માતોની શકયતા વધતી હોવાથી બાળકોને સરળ ભાષામાં જરૂરી સાવચેતીઓ સમજાવવામાં આવી.

બાળકોને જણાવવામાં આવ્યું કે વરસાદમાં બહાર નીકળતી વખતે શક્ય હોય ત્યાં સુધી છત્રી, રેઈનકોટ અથવા ગમબૂટનો ઉપયોગ કરવો જોઈએ. વરસાદમાં સંપૂર્ણપણે ભીંજાઈ જવાથી શરદી, ઉધરસ, તાવ તથા અન્ય ચેપી રોગો થવાની શક્યતા રહે છે. જો કોઈ કારણસર ભીંજાઈ જવાય તો ઘરે પહોંચ્યા બાદ તરત જ સુકા અને સ્વચ્છ કપડાં પહેરી લેવા જોઈએ.

પીવાના પાણી અંગે પણ ખાસ સમજ આપવામાં આવી કે હંમેશા સ્વચ્છ અને ઉકાળેલું અથવા ફિલ્ટર કરેલું પાણી જ પીવું જોઈએ. બહારનું ખુલ્લું, વાસી અથવા અસ્વચ્છ ખોરાક ખાવાનું ટાળવું જોઈએ. જમતા પહેલાં અને શૌચાલયનો ઉપયોગ કર્યા પછી સાબુથી હાથ ધોવાની ટેવ રાખવી જોઈએ.

બાળકોને પાણી ભરાયેલા રસ્તાઓ, ખાડાઓ તથા ગંદા પાણીમાં રમવા કે ચાલવા નહીં જવા સમજાવવામાં આવ્યું, કારણ કે આવા સ્થળોએ અકસ્માત થવાની તેમજ ચામડીના રોગો અને ચેપ લાગવાની શક્યતા રહે છે. વીજળીના ખુલ્લા થાંભલા, તૂટેલા વાયર અથવા પાણી ભરાયેલી જગ્યાએ આવેલા ઈલેક્ટ્રિક સાધનોથી દૂર રહેવાની પણ સલાહ આપવામાં આવી.

વરસાદ દરમિયાન ગાજવીજ થાય ત્યારે ખુલ્લા મેદાનમાં, મોટા વૃક્ષ નીચે અથવા વીજ થાંભલા પાસે ઊભા ન રહેવું જોઈએ. સલામત સ્થળે આશરો લેવો જોઈએ અને જરૂરી હોય ત્યારે વડીલોની મદદ લેવી જોઈએ.

બાળકોને મચ્છરજન્ય રોગોથી બચવા માટે ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહે તે માટે ધ્યાન રાખવું, મચ્છરદાની અથવા મચ્છરથી બચવાના ઉપાયો અપનાવવા તેમજ આસપાસ સ્વચ્છતા જાળવવાની માહિતી આપવામાં આવી.

અંતમાં બાળકોને સમજાવવામાં આવ્યું કે જો તાવ, ઉધરસ, શરદી, ઊલટી, ઝાડા અથવા અન્ય કોઈ તકલીફ જણાય તો તરત જ માતા-પિતા, શિક્ષક અથવા ડૉક્ટરને જાણ કરવી જોઈએ અને જાતે દવા ન લેવી જોઈએ. આ માર્ગદર્શનનો મુખ્ય હેતુ બાળકોમાં વરસાદની ઋતુ દરમિયાન સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને સુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો તથા તેમને જવાબદાર અને સાવચેત નાગરિક બનવા માટે પ્રેરિત કરવાનો હતો.





# કારગિલ વિજય દિવસ

તારીખ ૨૬ જુલાઈ ૨૦૨૬નાં રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં કારગિલ વિજય દિવસ નિમિત્તે બાળકો માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં દેશપ્રેમ, રાષ્ટ્રભકિત અને ભારતીય સૈનિકોના શૌર્ય, સાહસ અને બલિદાન પ્રત્યે આદરની ભાવના વિકસાવવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન બાળકોને કારગિલ યુદ્ધ વિશે સરળ અને સમજાય તેવી ભાષામાં માહિતી આપવામાં આવી. તેમને જણાવવામાં આવ્યું કે વર્ષ ૧૯૯૯માં જમ્મુ-કાશ્મીરના કારગિલ વિસ્તારમાં પાકિસ્તાની ઘૂસણખોરો દ્વારા ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવામાં આવી હતી. ત્યારબાદ ભારતીય સેનાએ 'ઓપરેશન વિજય' દ્વારા અદમ્ય સાહસ અને બહાદુરી સાથે દુશ્મનોને પરાસ્ત કરીને દેશની સરહદોની સફળતાપૂર્વક રક્ષા કરી હતી. આ ઐતિહાસિક વિજયની યાદમાં દર વર્ષે ૨૬ જુલાઈના રોજ સમગ્ર ભારતમાં કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવે છે.

બાળકોને ભારતીય સૈનિકોના અવિસ્મરણીય બલિદાન, દેશ માટેના સમર્પણ અને ફરજ પ્રત્યેની નિષ્ઠા વિશે માહિતગાર કરવામાં આવ્યા. તેઓએ કેવી રીતે પોતાના પરિવાર અને વ્યકિતગત સુખ-સગવડો છોડીને દેશની સુરક્ષા માટે જીવન અર્પણ કર્યું તે અંગે ઉદાહરણો સાથે સમજાવવામાં આવ્યું. સાથે જ બાળકોને દેશના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અને તેમના બલિદાનને ક્યારેય ન ભૂલવાની પ્રેરણા આપવામાં આવી.

કાર્યક્રમ દરમિયાન બાળકોને દેશના રાષ્ટ્રધ્વજનું મહત્વ, રાષ્ટ્રીય એકતા, શિસ્ત, જવાબદારી અને દેશપ્રેમ જેવા મૂલ્યો વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં પ્રામાણિકતા, મહેનત, શિસ્ત અને દેશસેવાની ભાવના અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

અંતમાં તમામ બાળકો દ્વારા ભારત માતાના વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી અને દેશની એકતા, અખંડિતતા તથા રાષ્ટ્રગૌરવ જાળવવાનો સંકલ્પ લેવામાં આવ્યો. આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ મજબૂત બની તેમજ ભારતીય સેનાના શૌર્ય અને બલિદાન પ્રત્યે ગૌરવ અને સન્માનની ભાવના વિકસાવવામાં સફળતા મળી.





# • વાઘ દિવસ વિશે માહિતી

તારીખ ૨૯ જુલાઈ ૨૦૨૬નાં રોજ સ્નેહા ફાઉન્ડેશન ખાતે વિશ્વ વાઘ દિવસ નિમિત્તે બાળકો માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં વાઘનું પર્યાવરણમાં રહેલું મહત્વ, વન્યજીવોના સંરક્ષણની જરૂરિયાત અને પ્રકૃતિ પ્રત્યે પ્રેમ તથા જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન બાળકોને સરળ અને રસપ્રદ ભાષામાં સમજાવવામાં આવ્યું કે વાઘ આપણા દેશનું રાષ્ટ્રીય પ્રાણી છે અને તે જંગલના પર્યાવરણનું સંતુલન જાળવવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. જો જંગલમાં વાઘની સંખ્યા ઘટે તો સમગ્ર ખોરાક શૃંખલા (Food Chain) પર તેની અસર પડે છે, જેના કારણે પર્યાવરણનું સંતુલન ખોરવાઈ શકે છે.

બાળકોને જણાવવામાં આવ્યું કે દર વર્ષે ૨૯ જુલાઈના રોજ વિશ્વ વાઘ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ સમગ્ર વિશ્વમાં વાઘના સંરક્ષણ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો અને વાઘોની ઘટતી સંખ્યાને બચાવવા માટે સૌને પ્રેરિત કરવાનો છે. તેમને એ પણ સમજાવવામાં આવ્યું કે ગેરકાયદેસર શિકાર, જંગલોનો નાશ, વધતું પ્રદૂષણ અને માનવ વસાહતોના વિસ્તરણને કારણે વાઘોના કુદરતી રહેઠાણ પર ગંભીર અસર પડી રહી છે.

કાર્યક્રમ દરમિયાન બાળકો સાથે વાઘ વિશે રસપ્રદ માહિતી પણ વહેંચવામાં આવી. વાઘની તાકાત, તેની શિકાર કરવાની રીત, તેની જીવનશૈલી અને જંગલમાં તેની ભૂમિકા વિશે બાળકોને ઉત્સાહપૂર્વક સમજાવવામાં આવ્યું. બાળકોને ચિત્રો અને ઉદાહરણોની મદદથી સમજાવાયું કે દરેક જીવનું પ્રકૃતિમાં પોતાનું એક મહત્વ હોય છે અને દરેક જીવનું રક્ષણ કરવું એ આપણી સૌની જવાબદારી છે.

બાળકોને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનવા માટે પ્રેરણા આપવામાં આવી. તેમને વધુમાં વધુ વૃક્ષો વાવવા, જંગલોનું રક્ષણ કરવા, પ્રાણીઓ સાથે ક્રૂરતા ન કરવા અને કુદરતી સંપત્તિનો યોગ્ય ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી. વન્યજીવોનું સંરક્ષણ માત્ર સરકારની નહીં પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે તે બાબત પર પણ ભાર મૂકવામાં આવ્યો.

કાર્યક્રમના અંતે બાળકો સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવી, જેમાં તેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વાઘ તથા અન્ય વન્યજીવો અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા. બાળકોને સંકલ્પ કરાવવામાં આવ્યો કે તેઓ પ્રકૃતિ અને વન્યજીવોના સંરક્ષણ માટે હંમેશા જાગૃત રહેશે અને પોતાના પરિવાર તથા મિત્રો સુધી પણ આ સંદેશ પહોંચાડશે. આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં વાઘ અને અન્ય વન્યજીવો પ્રત્યે પ્રેમ, આદર અને સંરક્ષણની ભાવના વિકસાવવામાં સફળતા મળી. સાથે જ તેઓમાં પર્યાવરણની સુરક્ષા અને પ્રકૃતિ પ્રત્યે જવાબદારીપૂર્વક વર્તવાની સમજ વધુ મજબૂત બની.









# તહેવારોની ઉજવણી

## ● ભગવાન જગન્નાથજી રથયાત્રાની માહિતી

તારીખ **૧૫ જુલાઈ, ૨૦૨૬**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં અષાઢી બીજ નિમિત્તે **ભગવાન જગન્નાથજીની પવિત્ર રથયાત્રા અને તેમના આદર્શો, જીવનમૂલ્યો** અંગે માહિતી આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અષાઢી બીજના શુભ અવસરે નીકળતી રથયાત્રા ભારતના મહત્વપૂર્ણ ધાર્મિક તહેવારોમાંની એક છે, જે ભકિત, આસ્થા, એકતા અને સેવા ભાવનાનું પ્રતિક માનવામાં આવે છે.

કાર્યક્રમ દરમિયાન બાળકોને રથયાત્રાનું ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વ સરળ અને રસપ્રદ રીતે સમજાવવામાં આવ્યું. સાથે જ ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજીની રથયાત્રાનો ઈતિહાસ, તેની પરંપરા તેમજ સમાજમાં તેનું વિશેષ મહત્વ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી.

આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક પરંપરાઓ અને તહેવારો પ્રત્યે જાગૃતિ તેમજ આદરની ભાવના વિકસે તેવો પ્રયાસ કરવામાં આવ્યો. બાળકોને રથયાત્રા સંબંધિત વિવિધ રસપ્રદ માહિતી આપવામાં આવી, જેના કારણે તેઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો અને પોતાના જ્ઞાનમાં વધારો કર્યો.





# ગુરૂપૂર્ણિમાની ઉજવણી

તારીખ ૨૯ જુલાઈ ૨૦૨૬નાં રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં ગુરુ પૂર્ણિમાના પાવન અવસર નિમિત્તે બાળકો સાથે ખૂબ જ ભાવભર્યો અને પ્રેરણાદાયી કાર્યક્રમ યોજવામાં આવ્યો. કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોને ગુરુનું જીવનમાં રહેલું મહત્વ સમજાવવાનો તેમજ પોતાના શિક્ષકો, વડીલો અને માર્ગદર્શકો પ્રત્યે આદર અને કૃતજ્ઞતાની ભાવના વિકસાવવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવી. ત્યારબાદ બાળકોને ગુરુ પૂર્ણિમા શા માટે ઉજવવામાં આવે છે અને આ દિવસનું ધાર્મિક તેમજ સાંસ્કૃતિક મહત્વ શું છે તેની સરળ ભાષામાં માહિતી આપવામાં આવી. બાળકોને સમજાવવામાં આવ્યું કે આ દિવસ મહર્ષિ વેદવ્યાસજીની જન્મજયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે. તેમણે વેદોનું સંકલન કર્યું હતું અને મહાભારત જેવા મહાન ગ્રંથની રચના કરીને સમાજને અમૂલ્ય જ્ઞાન આપ્યું હતું. તેથી તેમને આદિ ગુરુ તરીકે પણ સન્માન આપવામાં આવે છે.

કાર્યક્રમ દરમિયાન બાળકોને સમજાવવામાં આવ્યું કે ગુરુ માત્ર શાળામાં ભણાવતા શિક્ષક જ નથી, પરંતુ જીવનમાં સાચો માર્ગ બતાવનાર દરેક વ્યક્તિ ગુરુ સમાન છે. માતા-પિતા, શિક્ષકો, વડીલો અને જીવનમાં સારા સંસ્કારો આપનાર દરેક વ્યક્તિ આપણા જીવનના ગુરુ છે. ગુરુ આપણને માત્ર શિક્ષણ જ નથી આપતા, પરંતુ સારા સંસ્કારો, શિસ્ત, પ્રામાણિકતા, મહેનત અને જવાબદારીપૂર્વક જીવન જીવવાની પ્રેરણા પણ આપે છે.

બાળકોને ગુરુ અને શિષ્યના સંબંધ વિશે પ્રેરણાદાયક પ્રસંગો દ્વારા સમજાવવામાં આવ્યું. શિક્ષકોના માર્ગદર્શનથી જ વ્યક્તિ પોતાના જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે અને સમાજમાં એક સારા નાગરિક તરીકે સ્થાન મેળવી શકે છે, તે બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. બાળકોને પોતાના ગુરુઓનું હંમેશા સન્માન કરવું, તેમની વાત ધ્યાનથી સાંભળવી અને જીવનમાં તેમના માર્ગદર્શનને અનુસરવાની પ્રેરણા આપવામાં આવી.

કાર્યક્રમ દરમિયાન બાળકો દ્વારા ગુરુ મહિમા પર કવિતાઓ, વિચારો અને પ્રેરણાદાયક પ્રસંગો રજૂ કરવામાં આવ્યા. કેટલાક બાળકોએ પોતાના શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને જણાવ્યું કે શિક્ષકોના માર્ગદર્શનથી તેઓ સતત નવી બાબતો શીખી રહ્યા છે. આ રજૂઆતોને સૌએ આનંદ અને તાળીઓ સાથે વધાવી લીધી. અંતમાં તમામ બાળકો અને શિક્ષકોએ ગુરુઓ પ્રત્યે આદર વ્યક્ત કર્યો અને જીવનમાં મળતા દરેક સારા માર્ગદર્શનને સન્માનપૂર્વક સ્વીકારીને સારા સંસ્કારો સાથે આગળ વધવાનો સંકલ્પ લીધો.

આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં ગુરુ પ્રત્યે આદર, કૃતજ્ઞતા, શિસ્ત અને સારા મૂલ્યો પ્રત્યેની સમજ વધુ મજબૂત બની. ગુરુ પૂર્ણિમાની આ ઉજવણી બાળકો માટે માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ જીવનમાં ગુરુના મહત્વને સમજવાનો અને સારા સંસ્કારોને આત્મસાત કરવાનો એક યાદગાર અનુભવ બની.









## તરુણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત **તરુણાવસ્થા** પ્રોજેક્ટ અંતર્ગત **ડૉ. હાર્દિકભાઈ ખત્રી** દ્વારા કુલ **૧૪૫** દિકરીઓને **સેનેટરી પેડ્સ**નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટ્યું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

- સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું પણ વિતરણ કરવામાં આવે છે.

➤ **વર્ષ ૨૦૨૬ના જુલાઈ મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સ્વ. જીવણભાઈ ડાભીના સ્મરણાર્થે સંસ્થાના બાળકોને પ્રેમભોજન સ્વરૂપે ખીર-પુરી પીરસવામાં આવી હતી. | ૬૩ | ૭૬ | ૧૩૯ | શ્રી ગણેશભાઈ ડાભી |
| ૨. | શ્રી જયદીપભાઈ ઘાંઘલ્યાના જન્મદિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પ્રેમભોજન સ્વરૂપે ઈડલી-સાંભાર પીરસવામાં આવ્યું હતું. | ૨૭૩ | ૨૬૬ | ૫૩૯ | શ્રી જયદીપભાઈ ઘાંઘલ્યા |
| ૩. | સ્વ. મહેશભાઈ પરમારના સ્મરણાર્થે સંસ્થાના બાળકોને ક્રિમરોલનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૭૮ | ૭૨ | ૧૫૦ | શ્રી રાજવીરભાઈ પરમાર |
| ૪. | સહખુશાલી સંસ્થાના બાળકોને પ્રેમભોજન સ્વરૂપે શાક-પુરી, દાળ-ભાત પીરસવામાં આવ્યું હતું. | ૨૯૭ | ૨૯૨ | ૫૮૯ | શ્રી પરમપૂજ્ય આચાર્ય વિજય શ્રી રાજહંસુરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી ગુરૂભક્ત પરિવાર તરફથી |
| ૫. | નૈમિષારણ્યના બાળકો દ્વારા સંસ્થાના બાલમંદિરના બાળકોને પ્રેમભોજન સ્વરૂપે જમવાનું આપવામાં આવ્યું હતું. | ૬૫ | ૭૬ | ૧૪૧ | શ્રી નૈમિષારણ્ય શાળા |

➤ **વર્ષ ૨૦૨૬ના જુલાઈ મહિનામાં બાળકોને સ્ટેશનરી અને જરૂરી સામગ્રીના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | નૈમિષારણ્યના બાળકો દ્વારા સંસ્થાના બાલમંદિરના બાળકોને સ્ટેશનરી અને કપડાં આપવામાં આવ્યા હતાં. | ૬૫ | ૭૬ | ૧૪૧ | શ્રી નૈમિષારણ્ય શાળા |

## ➤ જૂલાઈ માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી કુલદિપસિંહ<br>શ્રી નિલેષભાઈ<br>શ્રી મહેશભાઈ<br>શ્રી મનિષભાઈ<br>શ્રી જયદિપભાઈ<br>શ્રી કૌષિકભાઈ<br>શ્રી હિમિષભાઈ |
| ૨. | શ્રી કરણસિંહ રાઠોડ<br>શ્રી નિસર્ગભાઈ પંડ્યા<br>શ્રી મયુરભાઈ ગોંડલીયા<br>શ્રી ધર્મરાજસિંહ ગોહિલ<br>શ્રી દેવભાઈ બારૈયા<br>શ્રી બ્રીજરાજસિંહ ચૌહાણ<br>શ્રી વિશ્વરાજસિંહ |
| ૩. | શ્રી આરતીબેન કનાડા (રજનીભાઈ કનાડા મેમોરિયલ ફાઉન્ડેશન) |

| ઓગષ્ટ-૨૦૨૬ના સૂચિત કાર્યક્રમો | |
|---|---|
| **તારીખ** | **આયોજનની વિગત** |
| ૦૭ ઓગષ્ટ ૨૦૨૬ | વાલી મિટિંગનું આયોજન. |
| ૧૫ ઓગષ્ટ ૨૦૨૬ | સ્વતંત્રતા દિવસ કાર્યક્રમ. |
| ૧૭ ઓગષ્ટ ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૨ ઓગષ્ટ ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૭ ઓગષ્ટ ૨૦૨૬ | રક્ષાબંધન પર્વની ઉજવણી. |











## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

UPI QR CODE

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**


૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust


**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**